દિવ્ય ભાસ્કર
બુધવાર, 20/5/2015



# તમને જોઇતું તમને મળે છે?

જવાબ તમારે આપવાનો છે. તમને જોઈતું તમને મળે છે કે નહીં? જુઓ, પાછા લાંબું, લાંબુ બોલશો નહીં કે ન તો ગોળ ગોળ જવાબ આપશો. જસ્ટ હા, કે ના? તમે તમારી આજુબાજુ નજર કરશો તો તેમાં તમને તમારા સગાં, વહાલાં, સહકાર્યકરો કે પાડોશી દેખાશે. જેમાંથી તમે અમુકને સીધા જ એવા વર્ગમાં મૂકી શકો કે તેમને જોઈતું મળે છે. બીજાં નામો એવા ક્લાસમાં તમે મૂકશો કે જેને ઈચ્છિત વસ્તુ નથી મળી.

હવે જો તમારે તમારું નામ પહેલાં સમૂહની વ્યકિતઓ સાથે લખાવવું હોય તો તમારે આ સફળતાના સૂત્રને સમજી લેવાનું છે. આ એક સાંકેતિક ભાષા, ગુપ્તલિપિ છે જે આ લોકોએ સમજી લીધી છે. તમારે પણ સમજી લેવાની છે. બહુ સરળ છે.

આ લિપિ એટલે માનવ સ્વભાવ અને વર્તનની સમજ. સફળતાનો અને જોઈતી વસ્તુ મેળવવાની વ્યૂહરચનાનો આ પાયો છે. સફળ વ્યકિત શું કરે છે? શા માટે કરે છે? સમજવાની સાથે જ શું નથી કરતી અને શા માટે નથી કરતી. તેવું વર્તન અમલમાં મૂકવાથી ઝટ ફાયદો થાય છે. માનવ વર્તન સમજવાની લિપિ વારંવાર નથી બદલાતી માટે એકવાર સમજાઇ જાય એટલે બસ. જે રીતે ખેલકૂદ-સ્પોર્ટ્સના નિયમ હોય છે તેવા જ નિયમ આ વર્તન સમજવાના હોય છે. તેની સમજ અને અમલ જરૂરી છે. આ નિયમ તોડો એટલે ડિસક્વોલિફાઇડ થઇ જશો. રમતની બહાર, દંડ ભરવાની તૈયારી રાખવાની.

**મન સાથે મૈત્રી**
**પ્રજ્ઞેશ મહેતા**

કોલેજકાળમાં આ નિયમ તોડતાં તોડતાં બચી ગયો હતો. વાત એમ બની કે જૂની મેટ્રિક પાસ કરી પોરબંદરથી વિદ્યાનગર કોલેજ કરવા આવ્યા. નવા ગામમાં સેટ થવાની ટ્રિક ખબર હતી, કારણ કે 11 ધોરણ સુધીમાં બે ગામ અને ત્રણ સ્કૂલો બદલાવી હતી. ઝપાટાબંધ મિત્રો કોલેજ અને હોસ્ટેલમાં બની ગયા. અમારા ગામના જ એક પ્રોફેસરનું કુટુંબ અને તેના દીકરાઓ આ જ એન્જિનિયરિંગ કોલેજમાં ભણતા હતા. આ બધાના સપોર્ટથી જેવી કોલેજ ઇલેક્શનની જાહેરાત થઇ કે મેં ફોર્મ ભરી દીધું. ચૂંટણી પ્રચાર ચાલુ કર્યો. ત્રણ-ચાર દિવસ થયા હશે, રાત્રે 11 વાગ્યે બે-ત્રણ જણા, હોસ્ટેલમાં આવી દરવાજો ખખડાવી મને બહાર બોલાવ્યો. બહાર જોયું તો વીસ-પચીસ સ્ટુડન્ટ્સનું ટોળું હતું. મારી સાથે મારા ત્રણ-ચાર મિત્રો પણ મારી સાથે બહાર આવ્યા હતા.

લીડર જેવા દેખાતા એકે પ્રશ્ન પૂછ્યો, 'કઇ પેનલમાંથી ફોર્મ ભર્યું છે? કેમ ઇલેક્શનમાં ઊભો છે?' મારા જેવા બીજા બે-ત્રણ બકરા લાઇનમાં હતા. જે લોકલ મિત્રએ સપોર્ટ કર્યો હતો તેનો દીનભાવ જોઇ થોડી વાત સમજાઇ. મારો મિત્ર બોલ્યો, 'તમારે શું છે?' ત્યાં તો બે ઝાપટ પડી, આ જોઇ બાકી દોડવા ગયા. એક પકડાઇ ગયો તેને લાત પડી. ફરી પાછી મારી ફેંટ પકડી સવાલ પુછાયો. હું પોપટની જેમ બોલ્યો, 'બોસ, ભૂલ થઇ ગઇ. હું નવો છું, ફોર્મ પાછુ ખેંચી લઇશ.'

માનવ-વર્તન અને અગમચેતી દરેકને હોય છે, હોવી જોઇએ. બચી તો જવાય પણ સફળ પણ થવાય. 'પેનલ' એટલે અમુક ગામના પટેલોનો સમુદાય. તેની સહમતીથી 'ટિકિટ' પર જ ઇલેક્શન લડાય નહીં તો અપક્ષ-ગણાય. ધોલાઇ થાય. બાકી બે વરસમાં કોના માટે પ્રચાર કરવો, કોની સાથે દેખાવું કે ના દેખાવું. સામેની વ્યકિતની નજર, વર્તન અને સમીકરણો સમજાતાં. બાકીનાં ત્રણ વરસ પટેલના હોવા છતાં ઇલેક્શનમાં વર્ચસ્વ રહ્યું.

વ્યકિતની અપેક્ષા, પરંપરાગત મૂલ્યો, પૂર્વગ્રહો, ડર બધા વિશે તુરંત નહીં, પરંતુ નજીક આવવાથી સમજાય છે. તમે શું શોધો છો, તેથી વિશેષ બીજા શું શોધે છે, તેમાં મદદ કરવાથી તમને જોઇતું મળવાના ચાન્સ વધી જાય છે. દરેક ભારતીયનો ચાઇનીઝ પ્રોડક્ટ ને વ્યકિત વિશેનો અભિપ્રાય તેમને ખબર હોય છે. મેં જ્યારે મોટી ખરીદી માટે તેના માલિકને કહ્યું કે મને ખબર છે કે તમે ઘણા રીઝનેબલ વ્યકિત છો ત્યારે મને ભાવ ખરેખર વાજબી આપ્યો હતો. વાત ચમચાગીરીની નથી. વાત માનવ-વર્તન સમજવાની હોય છે. માણસો જ આપણને જોઇતું અપાવતા હોય છે. ■

# પાણી માટે હિજરત કરતા માલધારીઓની રઝળપાટ

**કચ્છના માલધારીઓ પહેલાં હિજરતી તરીકે ઓળખાતા હતા. ખાનાબદોશ જેવી જિંદગીને કારણે તેમના કોઈ સંપર્ક થતા નહીં. તેમનામાં ભણતર પણ ઊગ્યું નથી. માલધારીઓની વણઝારા જિંદગીની કથા જાણીએ.**



કાયમ તરસ્યાં અને સૂકા પ્રદેશ તરીકે વગોવાયેલા કચ્છમાં પશુપાલનનું પ્રમાણ કેટલું વિશાળ છે એ કહેવા માટે એટલું જાણવું જ જરૂરી છે કે ઓછો વરસાદ હોય ત્યારે સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારમાં જ કચ્છથી હિજરત કરીને આવેલાં 35 હજારથી વધુ ઢોર આશ્રય લઈને પડ્યાં હોય છે. વરસાદ ઓછો થાય, દુષ્કાળનો ડોળ દેખાય કે તરત કચ્છના માલધારીઓ પશુઓના ઘાસચારા અને પાણી માટે હિજરત શરૂ કરી દે છે અને તેમાં મુસ્લિમ માલધારીઓનું પ્રમાણ મોટું છે.

કચ્છના બન્ની વિસ્તારમાં જત મુસ્લિમ માલધારીઓ અને લખપત-અબડાસા વિસ્તારમાં પઢિયાર મુસ્લિમ માલધારીઓનું પ્રમાણ વધારે છે. કચ્છના લખપત, અબડાસા, પાવડા, નલિયા, કોઠારા જેવો પ્રદેશ સાવ સૂકો વિસ્તાર ગણાય છે. આ પ્રદેશમાં ભોથા પ્રકારનું ઘાસ થાય છે અને માત્ર ભેજના કારણે તે પણ ઊગી શકે છે, પરંતુ તેના પર ઉઘાડા પગે ચાલો તો પગમાં છાલાં પડી જાય. એથી ઓછો વરસાદ થાય એટલે આ પ્રદેશમાંથી હિજરત શરૂ થઈ જાય છે, પરંતુ આજ સુધી ઉદ્યોગોથી અળગા રહી ગયેલા કચ્છમાં પશુપાલન કદાચ આ કારણે જ વધુ પ્રમાણમાં વિકસ્યો છે. લખપત તાલુકાના બુધા ગામમાં બે હજાર જેટલાં ઢોર છે. સઢિયારી વાંઢમાં 1200 જેટલી ગાયો છે. કરનવાડી ગામમાં અઢી હજાર જેટલાં ગાય-ભેંસ અને વાછરડાં છે. તલ ગામમાં નવસો જેટલી ગાયો છે. બાઈવારી વાંઢમાં હજારથી વધુ પશુઓ છે. તેના માલિકો તરીકે આયર, પટેલ અને ભરવાડો છે, પણ મોટું પ્રમાણ જત અને પઢિયાર મુસ્લિમોનું છે. ખડક કરનાલી કચ્છના લખપત તાલુકાનું ગામ છે. તેમાં માલધારીઓનું ઢોરનું આવે છે. એક હિજરતી આગેવાન કહે છે કે, 'સારો વરસાદ ન હોય તો અમે દિવાળી વતનમાં નથી કાઢતા. નોરતામાં જ લખપત તાલુકો છોડીને માંડવી, મુંદ્રા, અંજાર, ભચાઉ, સૂરજબારી થઈને મોરબી તરફ આવી જઈએ. વહેલા નીકળ્યા હોય તેઓ છેક દક્ષિણ ગુજરાત સુધી પહોંચી જાય છે. એ પછી જ્યાં અમારાં ઢોરને ખાનપાન (ખાવાપીવાનું) મળી રહે ત્યાં રોકાતાં જઈએ છીએ અને ચોમાસું ચઢવાનું હોય ત્યાં સુધી રહીએ છીએ. શ્રાવણમાં વતન પહોંચી જઈએ છીએ.'

**અસામાન્ય**
**નરેશ શાહ**

કચ્છના ઘણા મુસ્લિમ માલધારીઓની વાતચીતમાં દિવાળી, નોરતાં, શ્રાવણ મહિનો અને ગાય માતા જેવા શબ્દો સાંભળવા મળે છે. કરનવાડી ગામના જત મુસ્લિમ માલધારી હસન જુમ્મા કહે છે, 'અમારે મન અમારાં ઢોર જ માઈ-બાપ જેવાં છે. અમારું ઢોર માંદું પડે કે નકામું થઈ જાય તો પણ અમે તેના માંસનો ઉપયોગ ક્યારેય ખાવામાં નથી કરતા.' જોકે માંદલાં અને મરવા પડેલાં ઢોરને કસાઈવાડે આપી દેતા ઘણા માલધારીઓ ખચકાતા નથી અને તેનું આશ્ચર્ય ન થવું જોઈએ. એમ તો વતન છોડીને ઘાસચારા અને પાણીની શોધમાં નીકળેલા ઢોરમાંથી કોઈ માંદું પડે તો તેને 'તેના જ હાલ' પર છોડી દેવાની ક્રૂરતા દેખાડ્યા વગર પણ ચાલતું જ નથી, કારણ કે વીડ કે સીમ કે અધમાર્ગે માંદાં કે લૂલાંલંગડાં ઢોરની સારવાર કરી શકવી અઘરી છે. બુધા ગામના હજ પઢી આવેલા પઢિયાર મુસ્લિમ હાજી રમદાન કહે છે, 'અમારા ચાર ભાઈઓ વચ્ચે 240 ઢોર છે અને એ તમામને લઈને હું મારા માણસ સાથે નીકળ્યો છું. કચ્છમાં હોઈએ ત્યારે વહેલી સવારે પાંચ વાગ્યે ઊઠીને ઢોરને ઓળખ આપી અને વાછરડાને ધવરાવીને નવ વાગ્યે અમે ઢોર લઈને ચારવા માટે નીકળી જઈએ. સાંજે પાંચ વાગ્યે પાછા આવીએ એટલે વાછરડાને ધવરાવી દઈએ. દૂઝણાં ઢોરને દોહી લઈએ. પણ દૂધ પર અમારો જીવનનિર્વાહ નથી હોતો. દૂધ માટે વાછરડાને ભૂખ્યું નથી રાખતા. હા, કોઈને વાછરડું કે ગાય વેચાતી જોઈતી હોય તો આપી દઈએ. અમારો નિભાવ તેમાંથી થાય છે.' કચ્છના માલધારીઓ, ખાસ કરીને મુસ્લિમ માલધારીઓ ઢોર વેચીને જીવનનિર્વાહ કાઢવા પર વધારે જોર દે છે. તેમની સાથે સંકળાયેલી એક વ્યક્તિ કહે છે કે, 'મુસ્લિમ માલધારીઓ ગાય કે ભેંસને 'ફાળવી' (ગર્ભ રાખવી) વાછરડા કે પાડરું જન્માવીને તેને વેચી દેવાનો ધંધો કરે છે. સારું વાછરડું હોય તો પાંચથી દશ હજાર રૂપિયા અને સારી ગાય હોય તો ત્રીસ હજાર રૂપિયા સુધીના ભાવ આવે છે.' માલધારી નોતુખાન ઈલિયાસ કહે છે, 'અમારાં ઢોર ખીલે બંધાતાં હોતાં નથી. તે વાડામાં ખુલ્લાં જ રહે છે. તેને ખીલે બાંધો તો હિજરાઈને મરી જાય.' હકીકત એ છે કે કચ્છના માલધારીઓ વહેલેથી કોઈ એક ખીલે બંધાઈને રહેવા ટેવાયેલા નહોતા અને તેમનો આ ગુણ ઢોરામાં પણ આવ્યો છે. આ માલધારીઓ પહેલાં હિજરતી તરીકે ઓળખાતા હતા. ખાનાબદોશ જેવી જિંદગીને કારણે તેમના કોઈ સંપર્ક થતા નહીં અને તેને લીધે તેમનામાં ભણતર પણ ઊગ્યું નથી. ઉચાળા ભરી જવાના સ્વભાવને કારણે આ લોકો ખડતલ તેમજ ઓછી જરૂરિયાત સાથે જીવવા ટેવાઈ ગયા છે.

એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે સમૃદ્ધ માલધારીઓ બે-ત્રણ ગધેડા સાથે રાખે છે અને તેના પર રસોડાનો સામાન તેમજ કપડાં અને ચાદરો લાદી દઈને નવા 'આશિયાના' માટે નીકળી પડતા હતા. કરનવાડીથી 64 ઢોર લઈને નીકળી પડેલા હસન જુમ્મા યાદદાસ્ત પરની ધૂળ ખંખેરતા કહે છે, 'મારું તો ટીવીવાળા શૂટિંગ કરી ગયા છે. અમારા બાપદાદાના વખતથી અમે માલધારી છીએ. કચ્છમાં દુષ્કાળ પડતો ત્યારે અમે ગુજરાત તરફ ઢોર લઈને નીકળી જતા અને અમારા બીબી-બચ્ચાં પાકિસ્તાનમાં કામ કરવા જતાં. શ્રાવણમાં અમે કચ્છ આવતા ત્યારે તેઓ પાકિસ્તાનથી કચ્છ આવી જતા હતા. હવે તો કાંઈ પાકિસ્તાન જવા દેતા નથી.' બીજા વાતો આવતાં બુધવારે ■

nareshshah01@gmail.com

# વિસરાતી રમતો

થોડા સમય અગાઉ અમદાવાદની એક શાળામાં વિસરાતી રમતોનું પ્રદર્શન યોજાયું હતું. એવી જ રીતે એક એફએમ રેડિયો સ્ટેશન પર આ રમતો અંગેની ચર્ચા ચાલતી હતી. મોટા ભાગના લોકો આ બધી રમતો રમી ચૂકેલા છે, પરંતુ આ મા-બાપના સંતાનો આ બધી રમતોથી વંચિત છે. આ રમતોમાં લખોટી, નાગોલચી કે સતોલિયું, સંતાકૂકડી, ગીલી-દંડા, ચોમાસામાં રમાતી ખૂંચામણી વગેરે રમતોનો સમાવેશ થાય છે. થોડા ઘણા અંશે આ બધી રમતો મેદાની કહી શકાય એ પ્રકારની છે. આજના મા-બાપ આવી રમતો રમવાને મંજૂરી નથી આપતા કારણ કે તે ધૂળમાં રમાતી હોય છે. આથી બાળકને એલર્જી ન થાય તે માટે આવું વિચારે છે. હકીકતમાં આ તમામ આવી જ રમતો રમીને મોટા થયેલા છે. સાઈકલનાં કે સ્કૂટરનાં જૂના ટાયર ફેરવવાની રમત પ્રચલિત હતી. આ બધું આજે માત્ર ચિત્રમાં દર્શાવું પડે તેવું થઈ ગયું છે.

આજના આધુનિક કહેવાતા મા-બાપ બાળકને બત્રીસ લક્ષણો બનાવવા માગે છે. આથી વેકેશનમાં પણ વિવિધ પ્રકારના ક્લાસિસમાં જોતરી દે છે. બાળકની ઈચ્છા છે કે નહીં તે જાણવાની કોઈ દરકાર કરતું નથી. બાળક પણ એક મશીનની જેમ તેમાં જોડાય છે પરંતુ મનથી તે આ કોઈ પ્રવૃત્તિ કરતું નથી. એટલું જ નહીં અલગ અલગ સંસ્થાઓમાં ચાલતા પર્સનાલિટી ડેવલપમેન્ટથી લઈ, અંગ્રેજી, ડિસિપ્લિન જેવા વર્ગમાં પણ મોકલવામાં આવે છે. આ કારણે બાળક આ બધી રમતોથી વંચિત રહી ગયું છે.

**નાવીન્ય**
**અજય નાયક**

રેડિયો પરની ચર્ચા દરમિયાન એક શિક્ષકે એવું કહ્યું કે લખોટીની રમત હકીકતમાં તો બાળક માટે ઉપયોગી એટલા માટે છે કે તેનાથી ફોકસ કરવાની તાલીમ મળે છે. આ રમત એવી છે કે એક કૂંડાળામાં રાખવામાં આવેલી લખોટીમાંથી માત્ર એક ને જ ટાર્ગેટ કરવાની હોય છે. આ માટે કોન્સનટ્રેશન હોવું ખૂબ જરૂરી છે. આ બધી નાની વાત છે પણ બાળકને મોટા થતા ઉપયોગી બનતી હોય છે. આવી તો અનેક રમતો છે કે જેમાંથી બાળક શીખી પણ શકે છે, પરંતુ આજના મા-બાપ આ બધી વાતો સ્વીકારવા તૈયાર નથી.

અત્યારે જે પ્રકારનો જમાનો છે તે જોતાં હાલમાં મા-બાપ તેની પાસે જે કરાવે છે તે તેમણે કરવું જોઈએ પણ સાથે સાથે થોડો સમય આવી રમતો માટે પણ કાઢી આપવો જોઈએ. આ કારણે સામૂહિક ભાવનાં પણ પેદા થતી હોય છે. આજે મોટા ભાગે બાળકો વીડિયો ગેમ, ટીવી કે મોબાઈલ ફોન પર જ જોવા મળે છે. પરિણામે તે એકલવાયો થઈ જાય છે અથવા તો ઈન્ટ્રોવર્ટ થઈ જાય છે. જો બહાર નીકળે અને આવી રમત રમે તો તેને સમૂહમાં કેમ રહેવા, કેમ વર્તાય, શું બોલાય વગેરેનો પણ ખ્યાલ આવી શકે. જમાના પ્રમાણે ચાલવું જ જોઈએ પણ સાથે સાથે બાળકને બહારની દુનિયાનો પણ ખ્યાલ આવે તે જરૂરી છે. તે માટે આવી રમતો કામ લાગતી હોય છે. આપણે ઈચ્છીએ કે બાળકના વ્યસ્ત શિડ્યુઅલમાં અડધો કલાક આવી રમતો માટે ફાળવવાનું ટાઈમટેબલ આજના મા-બાપ બનાવે તો કદાચ બાળકનો પણ સર્વગ્રાહી વિકાસ જોવા મળશે. ■

ajay.naik@dainikbhaskargroup.com

# અતૃપ્ત આત્મા

**'ભાઈ, મારા પ્રીતમની છેલ્લી બે ઈચ્છા અધૂરી રહી ગઈ છે. એક બહેન રાણુનાં લગ્ન અને બીજી દગાબાજ કજરીને સજા કરવી.**



હોસ્પિટલમાંથી ચંદ્રસિંહને રજા મળી પણ દુશ્મનોના હુમલામાં ઘાયલ થયેલ હોવાથી એણે જમણો હાથ ખભામાંથી ગુમાવ્યો હતો. હાથ ગુમાવ્યાનું એને દુઃખ નહોતું પણ એને જીગરજાન જવાન દોસ્ત પ્રીતમને ગુમાવ્યાનું બહુ દુઃખ હતું. એ ભૂલવા એમે બેરેકમાં આવીને રમતા બે પેગ લગાવ્યા. અને કોટ પર લંબાવીને આંખો બંધ કરી એ સાથે એને બંધ આંખે પેલી ગોઝારી ઘટનાના દશ્યો તરવરી ઊઠ્યાં.

બોર્ડરની સામે પારથી ઓચિંતો જ મશીનગનો ધણધણી ઊઠી. ત્યારે પોતે અને પ્રીતમ પોઝિશન લઈને દુશ્મનોના હુમલાને ખાળી રહ્યા હતા. પણ કમનસીબે એમની નજીકમાં ગોઝારો બોમ્બધડાકો થયો. કાનમાં ધાક પડી ગઈ બંને ઊલળીને ફેંકાઈ ગયા. થોડી વારે બધું શાંત પડ્યું. એને કળ વળતાં એ ઊઠ્યો. લબડતો જમણો હાથ ડાબા હાથે પકડી એ ધીરેધીરે દોસ્ત પ્રીતમ પાસે આવ્યો. તો તેના બંને પગના ફૂરચા ઊડી ગયા હતા. તેની બાજુમાં એક તસવીર પડી હતી. એ તસવીર કજરીની હતી. એ તસવીર તરફ કશોક સંકેત કરી, એ સદાને માટે આંખો મીંચી ગયો.

તસવીરવાળી કજરીને પોતે ઓળખતો હતો. તેની દરેક વાત પ્રીતમે કરી હતી. એ પ્રીતમનાં વતન રાજનગરની હતી. બંને નાનેથી મોટા સાથે થયા હતા. પ્રીતમ એને દિલોજાનથી ચાહતો હતો. એને તેની સાથે લગ્ન કરીને તેને પામવી હતી. બંનેએ એકબીજાને ભવોભવ સાથે રહેવાના કોલ આપેલા હતા. કજરીનાં આવતા પત્રો પ્રીતમ કેવો વાંચવા આપતો હતો થોડા દિવસોમાં તો એ નિવૃત્ત થવાનો હતો પણ એ કજરીની યાદના સહારે દિવસો ગણી રહ્યો હતો. એ ખૂબ જ ખુશખુશાલ હતો.

પણ કોણ જાણે વિધિની વક્રતા એવી થઈ કે દગાબાજ કજરી એક પૈસાપાત્ર સાડીઓના વેપારી સાથે પરણી ગઈ ને એની જાણકારીભર્યો પત્ર પ્રીતમને મોકલ્યો. પત્ર મળતા જ પ્રીતમ અવાચક થઈ ગયેલો. સાવ હતપ્રત અવસ્થામાં ગોડાઉને બેસી રહ્યો હતો. મેસમાં જમવા આવતો પણ મનમાં આવે તો જમતો હતો નહીંતર એમને એમ કજરીને યાદ કરતો નીકળી જતો. સાવ નર્વસ દશામાં રાત્રે પડખા બદલતો જાગતો રહેતો. ગમે ત્યારે બોર્ડર પર એકલો આંટા મારતો. ક્યારેક દુશ્મનો તરફથી ફાયરિંગ ચાલુ હોય ત્યારે સામી છાતીએ ઊભો હેતો હતો. એનાં મનમાં બસ એક જ વાત ઘુમરાતી રહેતી અને એ વાત પણ કહેતો કે એ બેવફા દગાખોર કજરીનું જ્યાં સુધી હું એનું ઢીમ ઢાળી નહી દઉં ત્યાં સુધી મને શાંતિ નહીં થાય પણ પત્ર મળ્યાના બીજા મહિને આ ગોઝારી ઘટનામાં પ્રીતમનું મૃત્યુ ત્યારે પોતે મનોમન ગાંઠ વાળી હતી કે કજરીને મારીને, દોસ્તને બદલે હું વેર લઈશ.

આ વાત યાદ આવતા ચંદ્રસિંહની આંખો ખૂલી ગઈ અને થોડા દિવસ બાદ એને રજા મળતા રાજનગરની બસ પકડી. તે રાત્રે એક વાગ્યે ચંદ્રસિંહ રાજનગર એસ.ટી.ડેપો પર ઊતર્યો. હવે એવા સમયે પ્રીતમનું ઘર ક્યાં શોધવું, તેથી એ ડેપો નજીકનાં લકી ગેસ્ટ હાઉસમાં ઊતર્યો. બીજા દિવસે એ નહાઈને ઓટોમાં ચંદન ટેકરી વિસ્તારમાં આવ્યો. ત્યાં પૂછતાં પૂછતાં એનેપ્રીતમનું મકાન મળી ગયું. ઘરે પ્રીતમની મા દેવુબાઈ અને બહેન રાણુ ઘરે હતાં. બંને ચંદ્રસિંહને તુરત ઓળખી ગયા. 'અરે ચંદ્ર, પ્રીતમનો દોસ્ત છે ને? અમે તારી જ રાહમાં હતા. પ્રીતમ દરેક પત્રે તારો ઉલ્લેખ કરતો રહેતો હતો. મારી મોટી ચિંતા ટળી.'

'કેમ શેની ચિંતા?'

'અરે ભાઈ, મારા પ્રીતમની છેલ્લી બે ઈચ્છા અધૂરી રહી ગઈ છે. એક બહેન રાણુનાં લગ્ન અને બીજી દગાબાજ કજરીને સજા કરવી. હવે બીજીની ચિંતા નથી પણ તું રાણુને અપનાવી, લગ્ન કરીને તારી દોસ્તી નિભાવ કારણ કે હું હવે ખર્યું પાન.'

**સસ્પેન્સ**
**મનહર રવૈયા**

'માસી...! આ પ્રીતમની પ્રેમિકા કજરી ક્યાં રહે છે?'

'એ તો પેલા સાડીવાળા શિવમ સાથે તેનાં વતન કલ્યાણનગર ભાગી ગઈ છે.'

વાત સાંભળતાં ચંદ્રસિંહ થોડીવાર ગંભીર થઈ રહ્યો. મનોમંથન કરતો હોય એવું જણાયું. ત્યાં રાણુ ચા લાવી. દેવુબાઈ અને ચંદ્રસિંહે ચા-પાણી પીધાં. પછી પોતાનો થેલો દેવુબાઈને સોંપતા ચંદ્રસિંહ બોલ્યો, 'આ થેલો અહીં રાખું છું અને અત્યારે હું સુરત બાજુ જાઉં છું. આવીને પછી રાણુને લઈ જઈશ.' અને લોડેડ રિવોલ્વર સાથે ચંદ્રસિંહ નીકળી પડ્યો. એણે કલ્યાણગઢની બસ પકડી. એના મુખ્ય મિશન મુજબ એણે સાડીવાળા શિવમનું ઘર શોધી કાઢ્યું. પણ ત્યાં આગળ સફેદ કપડાં પહેરેલા લોકો બેઠા હતા. ચંદ્રસિંહે જોયું તો સદ્ગત્ કજરીનું બેસણું હતું. કજરીનો ફોટો મૂકેલો હતો. આથી ચંદ્રસિંહે શિવમને એક બાજુ બોલાવીને પૂછ્યું, 'કજરીનું મૃત્યુ કેમ થયુ ..?'

'અરે પેલો એનો જૂનો પ્રેમી પ્રીતમ છે ને એણે બિચારી કજરીનો જીવ લીધો છે. એ હત્યારાને પકડવા પોલીસ ગઈ છે.'

'શું કહે છે? પ્રીતમનું તો બે મહિના પહેલાં મૃત્યુ થયુ છે.'

'તો કજરીને કોણે મારી નાખી?'

'પ્રીતમના અતૃપ્ત આત્માએ.' શિવમ અવાચક થઈ ગયો. અને ચંદ્રસિંહ ચાલી નીકળ્યો. ■

kalash@dainikbhaskargroup.com

## અનુસંધાન

### તડ ને ફડ

પર આધારિત વિદેશનીતિને એશિયાઇ બનાવવાનો પ્રયાસ થઇ રહ્યો છે. સત્તાગ્રહણના પહેલા જ દિવસે સાર્ક પરિષદના સભાસદો હાજર રહ્યા. આ એક વરસમાં ચીનના સર્વોચ્ચ આગવાનો જોડે ત્રણ વખત મુલાકાતો ગોઠવાઇ. અમેરિકા, ફ્રાન્સ જોડે સંબંધો સુધારવાની કોશિશ થઇ. વિદેશનીતિ વડાપ્રધાનનું ખાસ ક્ષેત્ર છે અને મોદીએ વિદેશખાતાના પ્રધાન સુષ્મા સ્વરાજને વગર બોલ્યે વામણાં બનાવી દીધાં છે. દેખાવ અને ગાજોવાજો ઘણો થાય છે પણ વિદેશનીતિની બાબતમાં ખાસ કશી સફળતા મળી નથી. ભારત જેવા મહત્ત્વના દેશને વશમાં રાખવા માટે પાકિસ્તાન જેવા ખખડી ગયેલા દેશનો ઉપયોગ અમેરિકા અને ચીન બંને કરી રહ્યા છે. અમેરિકા પાકિસ્તાનને નાણાં અને શસ્ત્રો આપે છે. ચીને પાકિસ્તાનને પોતાનો ભાઇ બનાવીને પોતાની મહત્ત્વાકાંક્ષી યોજના-સિલ્ક રોડમાં ભાગીદાર બનાવ્યું છે.

ચીન જોડે ઝઘડો કરવાનું આપણને પોસાય તેવું નથી. ચીન દુનિયાનું મહાન રાષ્ટ્ર બની ચૂક્યું છે. સિક્યુરિટી કાઉન્સિલનું કાયમી સભાસદ છે. ભારત કરતાં પાંચ ગણાં વધારે નાણાં લશ્કરી તંત્ર અને હથિયારો માટે ખર્ચે છે અને ભારત કરતાં ત્રણ ગણું લશ્કર ધરાવે છે. આખા પૂર્વ એશિયામાં ચીનની હાક વાગે છે. ચીને અરુણાચલ પરનો દાવો છોડ્યો નથી અને સરહદી સમસ્યાના ઉકેલમાં ઠાગાઠૈયાં કરે છે. ચીનની છેલ્લી યાત્રા વખતે ભારત-ચીન વચ્ચે અબજો રૂપિયાના આર્થિક અને વેપારી કરારો થયા તેમાં ભારતને ખાસ કશો લાભ મળવાનો નથી. ખોટા ઠાઠ માટે મોંઘીદાટ ઝડપી રેલવે બાંધવાના બદલે આમજનતાને મુસાફરીની વધારે સગવડ મળે તેવી ટ્રેનો વધારવી અને લંબાવવી જોઇએ.

અમેરિકાનું પડખું સેવવાની મનમોહનસિંહની રાજનીતિનાં માઠાં ફળ મોદી સરકાર ભોગવી રહી છે. પોતાનો સસ્તો ગેસ વેચવાની યોજનામાંથી ઇરાને ભારતને હાંકી કાઢ્યું છે અને આ ગેસ ચીનને આપવામાં આવશે. અમેરિકાએ અણુ-ઇંધણનાં વચન આપ્યાં છે પણ હજુ તેનો અમલ શરૂ થયો નથી. એશિયાઇ અને ચીન તરફી ઝૂકાવના કારણે ભારતે રશિયા જેવા જૂના અને વિશ્વાસપાત્ર મિત્ર જોડેના સંબંધ ઓછા કર્યા છે. મોદીની વિદેશ યાત્રાઓમાં વડાપ્રધાનની વ્યક્તિગત લોકપ્રિયતાનું પ્રદર્શન ભરાય છે પણ ભારતને તેનાથી કશો નક્કર લાભ થયાનું કહી શકાય તેમ નથી.પણ મોદીનું મૂલ્યાંકન અત્યારે કરીએ તે ગેરવાજબી ઠરે મોદીએ આર્થિક સુધારણાનાં વચન આપ્યા છે તે બધાં પહેલા જ વરસે સિદ્ધ થવા જોઇએ તેવો આગ્રહ રાખી શકાય નહીં. ■

nagingujarat@gmail.com

### નીલે ગગન કે તલે

હોમોસેક્સુઅલ મરદની વ્યથા. ગિલ સાહેબે આ અગાઉ પણ હોમોસેક્સુઅલના મુદ્દા ઉપર ફિલ્મો બનાવી છે.

નિર્ભયાના કિસ્સા પછી સ્તબ્ધ બનેલા દિલ્હીના શહેરીઓ પાસે દિગ્દર્શક ગૌરવ કલ્યાણે એક નવી વાત મૂકી, આજથી અમુક વર્ષ પછીની કોઈ કલ્પિત વ્યક્તિને તમે દિલ્હી વશે પત્ર લખો તો શું લખો? અને તેના પરિણામે બની શોર્ટ ફિલ્મ 'Letter to the City Yet to Come'. દિલ્હીની ઐતિકાસિકતા, દૈનિક જિન્દગાનીની કશમકશ, રાજકીય ઊથલપાથલ ને કર્મશીલ ચળવળો વગેરેને વોઇસઓવર સાથે સાંકળીને બનેલી આ ફિલ્મ નવતર પ્રયોગ બની રહી. ગૌરવ કલ્યાણ ન્યુ યોર્ક નિવાસી ફિલ્મમેકર છે.

આદિત્ય વિક્રમ સેનગુપ્તાની પહેલી પેશગી જર્જરિત કલકત્તા મહાનગરની પૃષ્ઠભૂમિમાં ઉતારેલી સ્વપ્નિલ મૂડ ફિલ્મ 'આસા જાવા'ર માઝે' એટલે કે 'આવવા ને જવાની વચ્ચે', અહીં 'Labour of Love' નામે રજૂ થઈ હતી. આ 83 મિનિટની આ ફિલ્મમાં એક પણ સંવાદ નથી! સાયલન્ટ ફિલ્મ! વચ્ચે વચ્ચે બહારના અવાજો કે ગીતોની લહેરખી વહી આવે છે. નાયક નાયિકા એક ઘરમાં રહે છે પરંતુ એક દિવસે કામ કરે છે ને એક રાતે. આવવા અને જવાની વચ્ચે સૂનકાર છે. ડોક્યુમેન્ટરીના સતત આહાર પછી આ નમણી કલાકૃતિ હિપ્નોટાઇઝિંગ લાગેલી. આર્ટફિલ્મ વર્તુળોમાં પોંખાયેલી આ ફિલ્મ વિશાલ સાહબના વરદ હસ્તે આ ફેસ્ટિવલની શ્રેષ્ઠ નવી ફિલ્મનું ઈનામ જીતી ગઈ.

અને છેલ્લી ફિલ્મ હતી 'દમ લગા કે હાઈશા!' લોકલ હરિદ્વાર! બુડથલ છરહરા લડકા સાથે મોટી બુદ્ધિમાન લડકીનો બ્યાહ, અને હરિદ્વારની સુરંજિત આબોહવામાં ત્યાંની લોકલ ફેમિલી લાઈફનું નિઓ-રિયેલિસ્ટિક ચિત્રણ. આયુષ્માન ખોરાના કી અદાકારી અને આખિર મેં લડકાની પીઠ ઉપર તેની મોટી મેહરારુ સવાર થાય છે ને લડકો દિલધડક રેસમાં દોડે છે, દોડે છે, છેક તુમ્હારા દિલ સુધી યારો! આ દોઢ કલાકની ફિલ્મે બધી ડોક્યુમેન્ટરીઓએ પેદા કરેલો નિર્વેદ ઉડાડીને તુમ્હારા દિલ બહેલાયા. સંવાદ લેખક શરત કટારિયાની આ પહેલી ફીચર ફિલ્મ છે, બહોત ખૂબ.

અને અંતે મહાભોજ! બધા એક્ટરો, ડિરેક્ટરો ને ફિલ્મો સાથે સંકળાયેલા ચમકતા દમકતા સેંકડો નરનારી સાથે રોયલ સેલ્યુટના ગિલાસ ટકરાવી બુફે ડિનર! ગગનવાલા બીતા બીતા વિશાલ ભારદ્વાજ પાસે ગયેલા. વિશાલ સાહબ આપ હિન્દી મેં સ્ક્રિપ્ટ લિખતે હો યા અંગરેઝી મેં? –જી? હિન્દી મેં, હિન્દી મેં. ડાયલોગ હિન્દી મેં, ઈન્સ્ટ્રક્શન્સ અંગરેઝી મેં. ગુડ, ગુડ. સાહબ આપને એક ફિલિમ દેખી થી ક્યા, 'વ્હોટ્સ યોર રાશિ?' પણ જવાબ મળે તેની પહેલાં કોઈ બેકલેસ ગાઉનવાળાં છમ્મકછલ્લો વિશાલજીને ઉપાડી જાય છે.

અફસોસ, અફસોસ કે 'બે યાર', કે 'માર્ગારિતા વિથ એ સ્ટ્રૉ' કે 'સારી રાત' જેવી ફિલ્મો જોવાની રહી ગઈ. નવા દિગ્દર્શકોને મંચ આપતો અને પીઢ કલકારોથી આપણને અભિરંજિત કરતો આ ફેસ્ટિવલ દાયકાઓ સુધી થતો રહે તો જય હો દાદા ફાળકે! ■

madhu.thaker@gmail.com

### સાંપ્રત

હકીકતની વાત કરીએ, તો આપણા આધુનિક ઈતિહાસનાં પાત્રોમાં કબજિયાતના મામલામાં સૌથી પહેલું નામ સરદાર પટેલનું યાદ આવે. સરદાર છેલ્લા દિવસોમાં ભયંકર કબજિયાતથી પીડાતા હતા. આ વાતની પણ આપણને ખબર જ ન પડત, જો સરદારનાં દીકરી મણિબેને એમની ડાયરીમાં પાને પાને એમના બાપુની આ વિપદાનું નિખાલસ વર્ણન ન કર્યુ હોત. (અહીં પણ તમે મણિબેન અને સરદારમાં પીકુ અને ભાશ્કોર બેનર્જીનું પેરલલ જોઇ શકો.) બાય ધ વે, મણિબેન એમના પોતાના પિતાને બાપુ અને રાષ્ટ્રપિતા ગાંધીજીને બાપુજી કહેતાં હતાં, એવા ભયંકર આદર્શવાદનો એ જમાનો હતો. નેહરુની નીતિઓથી નારાજ નેતાઓ અને ઉદ્યોગપતિઓ માર્ગદર્શન માટે સરદારને મળવા આવ્યા હોય અને એનિમા લઈ રાહ જોતાં જોતાં આડા પડેલા સરદારનાં વર્ણન મણિબેનની ડાયરીમાં ઠેરઠેર છે. જેને પેટ સાફ ન આવ્યું હોય એ માણસ દુનિયામાં કોઈની સાથે સુમેળ નથી સાધી શકતો. સરદાર-નેહરુના કડવા સંબંધોનાં મૂળમાં પણ મને કબજિયાત જવાબદાર લાગે છે. આપણે ત્યાં ઈતિહાસ અને આયુર્વેદનો મલ્ટિડિસિપ્લિનરી અભ્યાસ કદી થયો નથી, જો થાય, તો ચોક્કસ એ નિષ્કર્ષ કાઢી શકાય કે સરદારના અકાળે મૃત્યુ માટે કબજિયાત પણ જવાબદાર હતી. ■

**વ્હોટ્સ અપ:** પેટની કબજિયાતના તો અનેક ઉપચાર છે પણ મનની કબજિયાતનું શું? એનો કોઇ ઉપાય હજી સુધી શોધાયો નથી અને બીજી અનેક બાબતોની માફક, મનની કબજિયાતમાં પણ આપણે ગુજરાતીઓ નંબર વન છીએ. વેપાર-ધંધામાં તો ઠીક, વિચારવામાં પણ જોખી-જોખીને આગળ વધવાનું અને અભિવ્યક્તિમાં તો ત્રાજવું બરાબર જોવાનું. કોઇના વિશે બે સારા શબ્દો ન બોલાઇ જાય એનું ખાસ ધ્યાન રાખવાનું. ગાંધીજીના બધાય આદર્શોમાંથી આપણે અપનાવેલો એક માત્ર ગુણ એ કરકસરનો-વિચારો અને શબ્દોની કરકસરનો. ગુજરાતી સાહિત્ય, પત્રકારત્વ, ફિલ્મ અને ટીવીનો રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય લેવલે ક્યાંય નંબર નથી એની પાછળનું એકમાત્ર કારણ ગુજરાતીઓની મનની કબજિયાત છે. આપણે પોતે જ જો આપણા માલ વિશે બે સારા શબ્દો ન બોલીએ, તો પારકાને તો શું પડી હોય એના વિશે? મરાઠી, બંગાળી અને હિંદીભાષી તો પોતપોતાનો જ માલ વેચેને.

dhimant.purohit@yahoo.com

### ડોક્ટરની ડાયરી

કહ્યુંઃ ' મધુ બહેન! આઇ એમ વેરી સોરી. મને તમારા વિશે કંઇ જ ખબર ન હતી. તમે કેવા સંજોગોમાં જીવી રહ્યાં છો તે હું જાણતો ન હતો. મને માફ કરી દો પ્લીઝ!' મેં પેલા ફુલસ્કેપ કાગળને ફાડી નાખ્યો. એના ઝીણાં-ઝીણાં ટુકડાઓ કરીને મધુનાં હાથમાં મૂકી દીધાં. જો ધાર્યું હોત તો હવે પછીનું વાક્ય હું ત્રાડ પાડીને બોલી શક્યો હોત, પૂરી હોસ્પિટલને ગજાવી શક્યો હોત, પણ મેં તો માત્ર મખમલી પીંછું હવામાં સરકે અને હળવી ફુસફુસાહટ થાય તેવા સ્વરમાં કહ્યુંઃ 'જવાની આટલી બધી ઉતાવળ છે, સિસ્ટર? એક કપ ચા નહીં પીવડાવો?'

અને મધુ સિસ્ટર રડી પડ્યાં. આશ્ચર્યની વાત એ હતી કે એની આંખોમાં દરિયો ઊભરાતો હતો, પણ હોઠો ઉપર હાસ્યનો બગીચો મહોરી ઊઠ્યો હતો. ■

(શીર્ષક પંક્તિઃ રાજ લખતરવી)

drsharadthaker@yahoo.com

### હળવે હૈયે

અનુસ્નાતિકા થયેલી કોઈ 'રસોઈસુંદરી'ને પણ સહેલું લાગશે.

મસાલાનું સૌંદર્યપ્રસાધન ધારણ કરેલાં ગૂંદાં અને કેરીને થાળે પાડવા એ 'સંસાર-ન્યાય' છે. આ માટે, કાચના બાટલા કે ચિનાઈ માટીની બરણીમાં એક થર ગૂંદાંનો અને એક થર કેરીનો કરવો. સૌથી ઉપરનો થર કેરીનો આવે એ ખાસ જોવું. આથી, ભવિષ્યમાં કેરીની ખટાશ નીચે ઊતરે, જેથી કરીને ગૂંદાં 'ઊતરી' જતાં બચે. છેલ્લે, પાંચસો ગ્રામ ખાદ્યતેલને ગરમ કરીને, ઠંડું પાડીને, એની ધાર મસાલાયુક્ત કેરી-ગૂંદાંના થર ઉપર કરવી. કેરીના સૌથી ઉપરના થરથી એકાદ ઈંચ જેટલું વધારે એટલે કે 'ડુબડુબા' તેલ રાખવું. પરિણામે, બાર મહિના સુધી અથાણું બગડશે નહીં. આવી ખાતરી અથાણાના સ્વાસ્થ્ય માટે આપી શકાય, આપણા સ્વાસ્થ્ય માટે નહીં!

દેશ-દુનિયાનાં કેટલાંક સંગ્રહાલયોમાં કાચના બાટલા જોવા મળે છે. જેમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ જીવસૃષ્ટિના નમૂના સાચવેલા હોય છે. જેને કારણે મનુષ્ય ઈચ્છે તો તેની જિજ્ઞાસાવૃત્તિને સંતોષી શકે. જોકે, અહીં કબૂલ કરવું રહ્યું કે, રસોડાની છાજલી ઉપર મૂકેલો કાચનો બાટલો આપણા ગુજરાતીઓને વધુ આકર્ષે છે, જેમાં કેરી-ગૂંદાંનું અથાણું સાચવીને રાખેલું હોય છે! જો દિવસે 'અથાણા-સર્જનસત્ર'નું આયોજન કરો તો, ગૂંદાંનાં ચીકણા ઠળિયા ઉપર માખીઓના ટાંગા ચોંટી જાય અને ત્યજી દેવાયેલા ઠળિયા ઉપર જ માખીઓએ પ્રાણો ત્યજી દેવા પડે. માખીઓનું 'આત્મવિલોપન' અટકાવવા માટે કેટલાક 'દયાળુ' કાઠિયાવાડીઓ મોડી રાતે કે વહેલી સવારે કેરી-ગૂંદાંનું અથાણું બનાવે છે! આપણે ગુજરાતીઓ બહાર ખાઈ જાણીએ છીએ, અને ઘરે ખવડાવી જાણીએ છીએ. જોકે, ખોરાક વિશેના આપણા અનુભવો સારા ઓછા અને નરસા વધારે હશે. આથી, ગુજરાતી ભાષામાં આવી કહેવતે જન્મ લીધો છે : 'જેની ચા બગડી એની સવાર બગડી, જેનું અથાણું બગડ્યું એનું વરસ બગડ્યું.' આટઆટલી કાળજી રાખી હોય છતાં જ્યારે કેરી-ગૂંદાંનું અથાણું ચાખો ત્યારે જાણ થાય કે, ગૂંદાંએ કડવા થવું પડ્યું છે. ગુપ્તચર ખાતા સિવાય ખાનગીમાં તપાસ કરાવો ત્યારે ખબર પડે કે, ઘરધણીએ સ્થળ ઉપરનાં તમામ ગૂંદાંને ઠળિયામુક્ત કરવા માટે લીમડાની ડાળખીનો કચકચાવીને ઉપયોગ કર્યો